1. ઈન્ડીયન પીનલ કોડની કઈ કલમ "રાષ્ટ્રદ્રોહ" સંબંધીત છે?

(A) કલમ 122 (B) કલમ 124(1)

(C) કલમ 125 (D) કલમ 126

જવાબ:- **(B) કલમ 124(1)**

- ભારતીય દંડ સંહિતા (IPC)નું નવું નામ ભારતીય ન્યાયિક સંહિતા (BNS) આપવામાં આવ્યું છે. આ નવો કાયદો 1 જુલાઈ, 2024થી અમલી બની ગયો છે.
- ભારતીય ન્યાયિક સંહિતા (BNS)માં રાજદ્રોહને અપરાધ તરીકે રાખવામાં આવ્યો નથી. તેના બદલે, ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતા કૃત્યો માટે નવો ગુનો બનાવવામાં આવ્યો છે. બીએનએસની કલમ 152માં આ ગુનાની જોગવાઈ છે.

2. કેંદ્રીય ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા IT એક્ટની કઈ કલમ અંતર્ગત ચાઈનીઝ એપ પર પ્રતિબંધ લગાવ્યો છે?

(A) કલમ 68 (B) (B) કલમ 69(A)

(C) કલમ 70 (A) (D) કલમ 71 (B)

જવાબ:- **(B) કલમ 69(A)**

- ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, 2000ની કલમ 69(A) હેઠળ, સરકારને અમુક ખાસ સસંજોગોમાં કોઈપણ કમ્પ્યુટર સંસાધનના જાહેર ઍક્સેસને અટકાવવાની સત્તા છે.
- સરકારને એવું લાગે કે કોઈપણ સામગ્રી ભારતના સાર્વભૌમત્વ, અખંડિતતા, સંરક્ષણ, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો અથવા જાહેર વ્યવસ્થાને જોખમમાં મૂકી શકે તેમ છે તો તેને અટકાવી શકે છે.
- સરકારને એવું લાગે કે કોઈપણ સામગ્રી કોઈપણ નોંધનીય ગુનો કરવા માટે ઉશ્કેરણીનું કારણ બની શકે છે તો તેને અટકાવી શકે છે.

3. વર્લ્ડ ગેમ્સ એથ્લીટ ઓફ ધ યર 2019 પુરસ્કાર વિજેતા "રાની રામપાલ" કઈ રમત સાથે સંકળાયેલા છે?

(A) લાંબી કૂદ (B) કબડ્ડી

(C) તીરંદાજી (D) હોકી

જવાબ:- **(D) હોકી**

- રાની રામપાલનો જન્મ 4 ડિસેમ્બર 1994ના રોજ હરિયાણાના કુરુક્ષેત્ર જિલ્લાના શાહબાદ માર્કંડામાં થયો હતો.
- રાનીને ભારતીય હોકીની 'રાની' કહેવામાં આવે છે.
- વર્ષ 2010માં વિશ્વ કપમાં ભાગ લેવાવાળી ભારતીય હોકી ટીમની તે સૌથી ઓછી ઉંમરની (૧૫ વર્ષ) ખેલાડી હતી.

4. ભારતના ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ નિયુક્ત થનાર પ્રથમ વ્યક્તિ કોણ છે?

(A) જનરલ મનોજ મુકુંદ નરવાણે (B) એડમીરલ કરમબીર સીંહ

(C) એર ચીફ માર્શલ રાકેશકુમાર્સીંહ ભદૌરીયા (D) જનરલ બિપિન રાવત

જવાબ:- **(D) જનરલ બિપિન રાવત**

- ભારતીય ત્રિ-સેવા કાર્યબળ(આર્મી, નેવી, એરફોર્સ)ને એકીકૃત કરવા માટે CDS એ સૌથી મહત્વપૂર્ણ પોસ્ટ છે.
- CDS સંરક્ષણ પ્રધાનના મુખ્ય લશ્કરી સલાહકાર છે.
- CDS લશ્કરી બાબતોના વિભાગના વડા હોય છે.
- CDS ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી (COSC) ના કાયમી અધ્યક્ષ હોય છે.
- CDS યુનિફોર્મમાં સોનાના દોરાઓથી બનેલું પ્રતિક ચિહ્ન હોય છે. આ ચિહ્નમાં નૌકાદળનું લંગર, આર્મીની તલવાર અને વાયુસેનાનો બેલ છે.
- CDSના કોલર પર મરૂણ રંગનો પેચ હોય છે, જેના પર ચાર ગોલ્ડન સ્ટાર બનેલા હોય છે.

5. ગુજરાતના રમતવીર હરમીત દેસાઈ કઈ રમત સાથે સંકળાયેલા છે?

(A) ટેનિસ (B) ટેબલ ટેનિસ

(C) બેડમિન્ટન (D) ચેસ

જવાબ:- **(B) ટેબલ ટેનિસ**

6. ભારતના ઈતિહાસના સંદર્ભમાં આપવામાં આવેલ પ્રસિદ્ધ સ્થળો અને તેને સંબંધીત રાજ્યની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી?

| પ્રસિદ્ધ સ્થળ | સંબંધિત રાજ્ય |
|---|---|
| (A) ભીલસા | મધ્ય પ્રદેશ |
| (B) દ્વારસમુદ્ર | મહારાષ્ટ્ર |
| (C) કોર્ણાક | ઓડિશા |
| (D) સ્થાનેશ્વર | હરિયાણા |

જવાબ:- **(B) દ્વારસમુદ્ર - મહારાષ્ટ્ર**

- દ્વારસમુદ્ર કર્ણાટકમાં આવેલું છે.
- દ્વારસમુદ્ર હોયસલ વંશની રાજધાની હતી.
- તે કર્ણાટકના હલેબીડમાં આવેલું છે.
- દ્વારસમુદ્રનો અર્થ થાય છે સમુદ્ર દ્વારા પ્રવેશ

7. "મા ગૃધ: કસ્યસ્વિદ્ધનમ" (Do not be greedy for anyone's Wealth)એ નીચેના પૈકી કોનું આદર્શ વાક્ય છે?

(A) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા (B) સર્વોચ્ચ ન્યાયાલય

(C) લોકપાલ (D) ભારતીય જીવન વિમા નીગમ

જવાબ:- **(C) લોકપાલ**

8. ભારતના સૌથી સફળ ડેરી ઉદ્યોગ "અમુલ"ના પ્રવર્તક ડો. વર્ગીસ કુરિયનની જન્મ જયંતી 26 નવેમ્બરને ક્યા દિવસ તરીકે મનાવવામાં આવે છે?

(A) રાષ્ટ્રીય સહકાર દિવસ
(B) રાષ્ટ્રીય ડેરી દિવસ
(C) રાષ્ટ્રીય પશુપાલન દિવસ
(D) રાષ્ટ્રીય દૂધ દિવસ

જવાબ:- **(D) રાષ્ટ્રીય દૂધ દિવસ**

9. ક્ષેત્રીય ક્નેક્ટીવીટી યોજના "ઉડે દેશકા આમ નાગરિક" (UDAN) અંતર્ગત નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ક્યા રાજ્યમાં પ્રથમવાર હેલીકોપ્ટર સેવાઓનું સંચાલન કર્યું છે?

(A) ઉત્તરાખંડ
(B) હિમાચલ પ્રદેશ
(C) અરૂણાચલ પ્રદેશ
(D) મણિપુર

જવાબ:- **(A) ઉત્તરાખંડ**

10. ભારતના બંધારણના ક્યા અનુચ્છેદમાં રાજ્યોમાં પંચાયતોની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે?

(A) આર્ટિકલ 243– ક
(B) આર્ટિકલ 243 – ખ
(C) આર્ટિકલ 243 – ગ
(D) આર્ટિકલ 243 – ઘ

જવાબ:- **(B) આર્ટિકલ 243 – ખ**

11. નીચેના પૈકી કઈ સંસ્થા "ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્ષ" પ્રકાશિત કરે છે?

(A) UNDP
(B) વિશ્વ આર્થિક મંચ - WEF
(C) UNESCO
(D) વિશ્વ આરોગ્ય સંસ્થા - WHO

જવાબ:- **(B) વિશ્વ આર્થિક મંચ – WEF**

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF- World Economic Forum) એક આંતરરાષ્ટ્રીય બિન-લાભકારી સંસ્થા છે.

- તેનો હેતુ જાહેર અને ખાનગી ક્ષેત્રો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવાનો અને વૈશ્વિક મુદ્દાઓને ઉકેલવાનો છે.
- WEF ની સ્થાપના 24 જાન્યુઆરી, 1971ના રોજ જર્મન અર્થશાસ્ત્રી ક્લાઉસ શ્વાબે કરી હતી.
- તેનું મુખ્ય મથક કોલોગ્ની, સ્વિટ્ઝર્લેન્ડમાં આવેલું છે.

12. D-Mart રીટેઈલ ચેન ચલાવનાર કંપની એવેન્યુ સુપરમાર્કેટનાં સંસ્થાપક કોણ છે?

(A) મુકેશ અંબાણી (B) ગૌતમ અદાણી

(C) ઉદય કોટક (D) રાધાકિશન દમાની

જવાબ:- **(D) રાધાકિશન દમાની**

13. નીચેના પૈકી કઈ ભાષાને બંધારણની આઠમી અનુસૂચિમાં સમાવવામાં આવી નથી?

(A) બોડો (B) ડોંગરી

(C) ભોજપુરી (D) કોંકણી

જવાબ:- **(C) ભોજપુરી**

- બંધારણની આઠમી અનુસૂચિમાં કુલ 22 ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ 22 ભાષાઓ નીચે મુજબ છે.
    - (1) અસમિયા (2) બંગાળી (3) ગુજરાતી (4) હિન્દી (5) કન્નડ (6) કાશ્મીરી (7) કોંકણી (8) મલયાલમ (9) મણિપુરી, (10) મરાઠી (11) નેપાલી (12) ઉડિયા (13) પંજાબી (14) સંસ્કૃત (15) સિંધી (16) તમિલ (17) તેલુગુ (18) ઉર્દુ (19) બોડો (20) સંથાલી (21) મૈથિલી, (22) ડોંગરી.

14. શ્રીરંગપટ્ટનમમાં “સ્વતંત્રતાનું વૃક્ષ” (Tree of Liberty) કોના દ્વારા રોપવામાં આવ્યું હતું?

(A) હૈદરઅલી (B) ટીપુ સુલ્તાન

(C) મુર્શીદ કુલી ખાં (D) અલીવર્દી ખાં

જવાબ:- **(B) ટીપુ સુલ્તાન**

15. ભારતની સૌપ્રથમ ઈન્ટરસીટી ઈલેક્ટ્રીક બસ સેવા ક્યા રાજ્યમાં શરૂ કરવામાં આવી છે?

(A) દિલ્હી (B) તેલંગણા

(C) મહારાષ્ટ્ર (D) આંધ્ર પ્રદેશ

જવાબ:- **(C) મહારાષ્ટ્ર**

16. નીચેના પૈકી કઈ નદીનું ઉદગમ સ્થળ ભારતમાં આવેલું નથી?

(A) સતલજ (B) વ્યાસ

(C) રાવી (D) ચિનાબ

જવાબ:- **(A) સતલજ**

⇒ સતલજ નદી રાક્શસતલ સરોવર તિબ્બેટમાંથી નિકળે છે.

17. નાગરિકોને આપવામાં આવતી વિવિધ સેવાઓની હોમ ડીલીવરી માટે "જન સેવક યોજના" શરૂ કરનાર રાજ્ય ક્યું છે?

(A) દિલ્હી (B) આંધ્ર પ્રદેશ

(C) ઉત્તર પ્રદેશ (D) કર્ણાટક

જવાબ:- **(D) કર્ણાટક**

18. યુરોપીયન યુનીયનમાંથી બ્રિટન નિકળી ગયા બાદ હવે યુરોપીયન યુનિયનમાં કેટલા દેશો રહ્યા છે?

(A) 25 દેશો (B) 26 દેશો

(C) 27 દેશો (D) 28 દેશો

**જવાબ:- (C) 27 દેશો**

- યુરોપિયન યુનિયન (EU) એ યુરોપના 27 દેશોનો સમૂહ છે.
- આ દેશોને સભ્ય દેશો અથવા EU દેશો કહેવામાં આવે છે.
- લગભગ 447 મિલિયન લોકો યુરોપિયન યુનિયનના દેશોમાં રહે છે, જે વિશ્વની વસ્તીના લગભગ 6% છે.
- યુરોપિયન યુનિયનનું મુખ્યાલય બ્રસેલ્સ, બેલ્જિયમમાં છે.

19. અકબરના શાસનકાળમાં વિકસાવવામાં આવેલ વહિવટી તંત્રમાં સૈનિક વિભાગનો વડો નીચેના પૈકી કોણ હતો?

(A) અમલગુજાર (B) મીર બખ્શી

(C) ફોજદાર (D) દીવાન

જવાબ:- **(B) મીર બખ્શી**

20. બાળકો અને કિશોરોના આંતરડામાં રહેતા પરોપજીવી કૃમિની વ્યાપકતા ઘટાડવા માટે સમગ્ર દેશમાં દર વર્ષે “રાષ્ટ્રીય ડીવોર્મિંગ દિવસ” ક્યારે મનાવવામાં આવે છે?

(A) 4 ફેબ્રુઆરી (B) 10 ફેબ્રુઆરી

(C) 6 માર્ચ (D) 12 માર્ચ

જવાબ:- **(B) 10 ફેબ્રુઆરી**

21. “રાષ્ટ્રીય સમુદ્રી વિરાસત સંગ્રહાલય (પરિસર)” (NMHC - National Maritime Heritage Complex)ની સ્થાપના ભારતના ક્યા રાજમાં કરવામાં આવશે?

(A) ગોવા (B) મહારાષ્ટ્ર

(C) તમિલનાડુ (D) ગુજરાત

જવાબ:- **(D) ગુજરાત**

GK Gujarat.Com

- NMHC (National Maritime Heritage Complex)નું નિર્માણ ગુજરાતના ઐતિહાસિક સિંધુ ખીણની સંસ્કૃતિના સ્થળ લોથલમાં બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય શિક્ષણ અને મનોરંજનના સહયોગી અભિગમનો ઉપયોગ કરીને અને નવીનતમ તકનીકનો સમાવેશ કરીને, પ્રાચીનથી આધુનિક સમય સુધીના ભારતના દરિયાઈ વારસાને પ્રદર્શિત કરવાનો છે.

22. વિશ્વનો સૌથી મોટો સક્રિય જ્વાળામુખી "મોનાલોઆ" ક્યા સ્થળે આવેલો છે?

(A) હવાઈ દ્વીપ (B) કોલોરાડો

(C) ચીલી (D) ન્યુઝીલેન્ડ

જવાબ:- **(A) હવાઈ દ્વીપ**

23. ભારતીય ખેલ પ્રાધિકરણ (SAI-Sports Authority of India)ની સ્થાપના ક્યા વર્ષે કરવામાં આવી હતી?

(A) વર્ષ 1951 (B) વર્ષ 1960

(C) વર્ષ 1969 (D) વર્ષ 1984

જવાબ:- **(D) વર્ષ 1984**

- સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI-Sports Authority of India) ની સ્થાપના 1984માં નવી દિલ્હી ખાતે 1982માં યોજાયેલી IXમી એશિયન ગેમ્સના વારસાને આગળ ધપાવવા રમતગમત વિભાગ હેઠળ કરવામાં આવી હતી.
- SAI ને રમતગમતને પ્રોત્સાહન આપવા અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતગમતની શ્રેષ્ઠતા હાંસલ કરવાના બેવડા ઉદ્દેશો સોંપવામાં આવ્યા છે.

- SAI એ ટોચના રમતવીરોને તાલીમ આપીને તેમજ યુવા પ્રતિભાને ઓળખવા અને વિકસાવવા માટે ઘણી યોજનાઓનું સંચાલન કરીને ભારતના રમતગમતના વિકાસને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.
- જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ, લોધી રોડ, દિલ્હી ખાતે SAIનું મુખ્ય મથક આવેલું છે.

24. નચિકેતા અને યમના સુપ્રસિદ્ધ સંવાદો ક્યા ઉપનિષદમાં આવે છે?

(A) છાંદોગ્ય ઉપનિષદ (B) માંડુક્ય ઉપનિષદ

(C) કઠોપનિષદ (D) તૈતરેય ઉપનિષદ

જવાબ:- **(C) કઠોપનિષદ**

25. “ધી લોકપાલ એન્ડ લોકાયુક્ત એક્ટ-2013”ને રાષ્ટ્રપતિએ કઈ તારીખે મંજુરી આપી હતી?

(A) 1 જાન્યુઆરી 2013 (B) 1 માર્ચ 2013

(C) 1 જુન 2013 (D) 1 જાન્યુઆરી 2014

જવાબ:- **(D) 1 જાન્યુઆરી 2014**

26. સમગ્ર દેશના ખેડુતોને જમીન સ્વાસ્થ્ય કાર્ડ આપવાના કામે રાજ્યોનો સહયોગ મેળવવા માટે “જમીન સ્વાસ્થ કાર્ડ દિવસ” ક્યારે મનાવવામાં આવે છે?

(A) 19 ફેબ્રુઆરી (B) 27 ફેબ્રુઆરી

(C) 19 સપ્ટેમ્બર **(D)** 21 સપ્ટેમ્બર

જવાબ:- **(A) 19 ફેબ્રુઆરી**

27. ભારતના બંધારણના ક્યા અનુચ્છેદથી સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ જોગવાઈઓ કરવાની સત્તા આપવામાં આવેલી છે?

(A) અનુચ્છેદ 15(1) (B) અનુચ્છેદ 15(2)

(C) અનુચ્છેદ 15(3) (D) અનુચ્છેદ 15(4)

જવાબ:- **(C) અનુચ્છેદ 15(3)**

- ભારતના બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત હકો પૈકી "સમાનતાનો હક" અંતર્ગત અનુચ્છેદ 15 આવે છે.
- અનુચ્છેદ 15 "ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનને કારણે કરાતા ભેદભાવનો નિષેધ" અંગેનો છે.
- અનુચ્છેદ 15 (3)માં જણાવવામાં આવ્યું છે કે "આ અનુચ્છેદના મજકૂરથી રાજ્યને સ્ત્રીઓ અને બાળકોને માટે કોઈ ખાસ જોગવાઈઓ કરવામાં બાધ આવશે નહિ."

28. નીચેના પૈકી ક્યા યુદ્ધથી વિજયનગર સામ્રાજ્યનો અંત કરી દેવામાં આવ્યો હતો?

(A) ખાનવાનું યુદ્ધ (B) વાંડીવાશનું યુદ્ધ

(C) પ્લાસીનું યુદ્ધ (D) તાલીકોટાનું યુદ્ધ

જવાબ:- **(D) તાલીકોટાનું યુદ્ધ**

- તાલીકોટાનું યુદ્ધ એ વિજયનગર સામ્રાજ્ય અને ડેક્કન સલ્તનત વચ્ચે લડાયેલું એક મહત્વપૂર્ણ યુદ્ધ હતું.
- આ યુદ્ધ 23 જાન્યુઆરી, 1565 ના રોજ બીજાપુરના દક્ષિણ-પૂર્વમાં લડવામાં આવ્યું હતું.
- આ યુદ્ધને રક્ષાસી તાંગડી તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તાલીકોટાના યુદ્ધમાં વિજયનગર સામ્રાજ્યને હારનો સામનો કરવો પડ્યો હતો.

29. ચેસની રમતમાં "ઈન્ટરનેશનલ માસ્ટર" બનનાર પ્રથમ ભારતીય ખેલાડી કોણ હતા?

(A) વિશ્વનાથ આનંદ (B) મેન્યુલ આરોન

(C) સૂર્ય શેખર ગાંગુલી (D) તાનીયા સચદેવ

જવાબ:- **(B) મેન્યુલ આરોન**

30. નીચેના પૈકી ક્યા એક યુદ્ધમાં ભારતમાં ફ્રાંસની સત્તાના ભાગ્યનો નિર્ણય થઈ ગયો હતો?

(A) બક્સરનું યુદ્ધ (B) વાંડિવાશનું યુદ્ધ

(C) પ્રથમ કર્ણાટકનું યુદ્ધ (D) પ્લાસીનું યુદ્ધ

જવાબ:- **(B) વાંડિવાશનું યુદ્ધ**

31. કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષ્યદ્વિપ ક્યા ઉચ્ચ ન્યાયાલયના ન્યાયિક ક્ષેત્રાધિકારમાં આવે છે?

(A) તમિલનાડુ હાઈકોર્ટ (B) આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ

(C) કેરલ હાઈકોર્ટ (D) પશ્ચિમ બંગાળ હાઈકોર્ટ

જવાબ:- **(C) કેરલ હાઈકોર્ટ**

32. નીચેના પૈકી કોણ ભારતીય સેનામાં જજ એડવોકેટ જનરલ તરીકે નિમણૂંક પામનાર પ્રથમ મહિલા છે?

(A) શાંતી ટીગ્ગા (B) જ્યોતિ શર્મા

(C) રૂચી શર્મા (D) અલ્કા ખુરાના

જવાબ:- **(B) જ્યોતિ શર્મા**

33. નીચેના પૈકી કોણે ટીપુ સુલતાનની સાથે શ્રીરંગપટ્ટનમની સંધિ કરી હતી?

(A) લોર્ડ કોર્નવાલિસ (B) લોર્ડ હેસ્ટિંગ્જ

(C) લોર્ડ વેલેસ્લી (D) લોર્ડ ડેલહાઉસી

જવાબ:- **(A) લોર્ડ કોર્નવાલિસ**

- ત્રીજા એંગ્લો-મૈસુર યુદ્ધને સમાપ્ત કરવા માટે શ્રીરંગપટ્ટના સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ સંધિ પર 18 માર્ચ, 1792 ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- શ્રીરંગપટ્ટનમની સંધિ પર બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની વતી લોર્ડ કોર્નવાલિસ, હૈદરાબાદના નિઝામ, મરાઠા સામ્રાજ્યના પ્રતિનિધિ અને મૈસુરના શાસક ટીપુ સુલતાન દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

34. ભારતીય ન્યાય સંહિતા (Bharatiya Nyaya Sanhita)ની કઈ કલમમાં શરીર અને મિલકતના ખાનગી બચાવનો હક (Right of Private Defense of Body & Property)ની જોગવાઈ કરવામાં આવી છે?

(A) કલમ 35 (B) કલમ 36

(C) કલમ 37 (D) કલમ 38

જવાબ:- **(A) કલમ 35**

35. પેરા ઓલમ્પીક રમતોમાં સીલ્વર મેડલ વિજેતા દીપા મલીકને કઈ રમતમાં સીલ્વર મેડલ મળેલ છે?

(A) ગોળા ફેંક (શોટ પુટ) (B) ઊંચી કૂદ

(C) ભાલા ફેંક (જેવેલીન થ્રો) (D) લાંબી કૂદ

જવાબ:- **(A) ગોળા ફેંક (શોટ પુટ)**

36. નીચે આપવામાં આવેલ પક્ષીઓ પૈકીનું ક્યું પક્ષી ઉડી શકે છે?

(A) કીવી (B) હમીંગ બર્ડ

(C) શાહમૃગ (D) ઈમુ

જવાબ:- **(B) હમીંગ બર્ડ**

- ઓપ્શનમાં આપવામાં આવેલા અન્ય ત્રણ પક્ષીઓ ઊડી શકતાં નથી.

37. ઈન્ટરનેટ સંદર્ભે વપરાતા શબ્દ "DNS"નું પૂર્ણ નામ શું છે?

(A) Digital Name System (B) Domain Name System

(C) Dynamic Name System (D) Direct Name System

જવાબ:- **(B) Domain Name System**

38. ભારતનાં અંતરિક્ષ કાર્યક્રમના સંદર્ભમાં "વ્યોમમિત્ર" નીચેના પૈકી શું છે?

(A) દૂરબીન
(B) ઉપગ્રહ
(C) રોકેટ
(D) મહિલા રોબોટ

જવાબ:- **(D) મહિલા રોબોટ**

- વ્યોમમિત્ર એ ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થાન (ISRO) દ્વારા અંતરિક્ષ યાત્રા માટે બનાવવામાં આવેલ સ્ત્રી હ્યુમનૉઇડ રોબોટ છે.
- તેનું નામ બે સંસ્કૃત શબ્દો 'વ્યોમ' અને 'મિત્ર'થી બનેલું છે, જેનો અર્થ અનુક્રમે અંતરિક્ષ અને મિત્ર થાય છે.
- વ્યોમમિત્રને અંતરિક્ષયાન ગગનયાન પર કામ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

39. “ઘરેલું હિંસા સામે સ્ત્રીઓના સંરક્ષણ અધિનિયમ 2005” કઈ તારીખથી અમલી બન્યો છે?

(A) 26 ઓક્ટોબર 2005
(B) 8 માર્ચ 2006
(C) 26 ઓક્ટોબર 2006
(D) 1 ડિસેમ્બર 2006

જવાબ:- **(C) 26 ઓક્ટોબર 2006**

40. કાનૂની સેવા સત્તા મંડળ અધિનિયમ 1987 મુજબ મળતી મફત કાનૂની સહાયની જોગવાઈ બંધારણના ક્યા અનુચ્છેદથી કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ 38
(B) અનુચ્છેદ 39 ક
(C) અનુચ્છેદ 39 (ક)
(D) અનુચ્છેદ 43ક

જવાબ:- **(B) અનુચ્છેદ 39 ક**

- ભારતના બંધારણના ભાગ 4, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અનુચ્છેદ 39 ક અંતર્ગત “સમાન ન્યાય અને મફત કાનૂની સહાય” અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.
- અનુચ્છેદ 39 ક મુજબ “રાજ્ય, કાનૂની પદ્ધતિના અમલથી સમાન તકના ધોરણે ન્યાયનો ઉત્કર્ષ સધાય તેમ કરશે અને ખાસ કરીને, આર્થિક અથવા અન્ય અસમર્થતાઓને કારણે પણ નાગરિકને ન્યાય મેળવવા માટેની તકોનો ઈનકાર

કરવામાં આવે નહિ એ માટે યોગ્ય કાયદા અથવા યોજનાઓ દ્વારા અથવા બીજી રીતે, મફત કાનૂની સહાય પૂરી પાડશે."

- ભારતના બંધારણના અનુચ્છેદ 14 (કાયદા સમક્ષ સમાનતા) અને 22(1) (અમુક દાખલાઓમાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણ) રાજ્યને બધા માટે સમાન તક પર આધારિત ન્યાયને પ્રોત્સાહન આપતી કાનૂની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પણ આદેશ આપે છે.
- દર વર્ષે 9 નવેમ્બરે તમામ નાગરિકો માટે ન્યાયી, નિષ્પક્ષ ન્યાય પ્રક્રિયા સુનિશ્ચિત કરવા જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ (NLSD-National Legal Services Day) ઉજવવામાં આવે છે.
- રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસ NLSD ની શરૂઆત સૌપ્રથમ વર્ષ 1995 માં ભારતની સર્વોચ્ચ અદાલત દ્વારા સમાજના ગરીબ અને નબળા વર્ગોને સહાય પૂરી પાડવા માટે કરવામાં આવી હતી.

41. સેના દિવસ 2020ના પ્રસંગે પુરૂષ ટુકડીનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા અધિકારી કોણ બન્યુ છે?

(A) કેપ્ટન તાન્યા શેરગીલ (B) પુનિતા અરોરા
(C) નિવેદીતા ચૌધરી (D) પદમાવતી બંદોપાધ્યાય

જવાબ:- **(A) કેપ્ટન તાન્યા શેરગીલ**

42. હાઈકોર્ટની બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus) રીટની સત્તા બંધારણના ક્યા અનુચ્છેદ અંતર્ગત આપવામાં આવી છે?

(A) અનુચ્છેદ 32 (B) અનુચ્છેદ 124
(C) અનુચ્છેદ 214 (D) અનુચ્છેદ 226

જવાબ:- **(D) અનુચ્છેદ 226**

43. નીચેનામાંથી કયા સલ્તનત શાસકે 'દીવાન-એ-અમીર-કોહી' વિભાગની સ્થાપના કરી હતી?

(A) ફિરોઝશાહ તુગલક (B) અલાઉદ્દીન ખિલજી

(C) મુહમ્મદ બિન-તુગલક (D) સિકંદર લોદી

જવાબ:- **(C) મુહમ્મદ બિન-તુગલક**

44. કન્યાઓને સોનુ ખરીદવા સહાય આપવા માટે "અરૂંધતી સ્વર્ણ યોજના" ક્યા રાજ્યએ શરૂ કરી છે?

(A) તેલંગણા (B) અસમ

(C) મહારાષ્ટ્ર (D) કર્ણાટક

જવાબ:- **(B) અસમ**

45. નીચેના પૈકી કોણ ભારાતના નેત્રહિન IAS બનનાર પ્રથમ મહિલા છે?

(A) અરૂણા સુંદરરાજન (B) સ્મિતા અભ્રવાલ

(C) ઈરા સીંઘલ (D) પ્રાંજલ પાટીલ

જવાબ:- **(D) પ્રાંજલ પાટીલ**

- પ્રાંજલ પાટીલ ભારતની પ્રથમ અંધ મહિલા IAS અધિકારી છે.
- તેણે વર્ષ 2017માં યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષામાં 124મો રેન્ક મેળવ્યો હતો.
- પ્રાંજલે IASની તૈયારી માટે કોઈ કોચિંગની મદદ લીધી નથી. તેમણે અંધ લોકો માટે ખાસ સોફ્ટવેરનો ઉપયોગ કર્યો, જે મોટેથી પુસ્તકો વાંચે છે.

46. કઈ નદી પ્રાચીન સમયમાં "વિતસ્તા"ના નામથી ઓળખાતી હતી?

(A) તિસ્તા (B) ઝેલમ

(C) તુંગભદ્રા (D) ભરતપુત્રા

જવાબ:- **(B) ઝેલમ**

47. ઘાટ અને તેને સંબંધીત રાજ્યની આપવામાં આવેલ જોડીઓ પૈકીની કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલ નથી?

| **ઘાટ** | **સંબંધીત રાજ્ય** |
|---|---|
| (A) જોજી લા | અરૂણાચલ પ્રદેશ |
| (B) શિપકી લા | હિમાચલ પ્રદેશ |
| (C) લિપુલેખ | ઉત્તરાખંડ |
| (D) નાથુ લા | સિક્કિમ |

જવાબ:- **(A) જોજીલા - અરૂણાચલ પ્રદેશ**

⇒ જોજી લા ઘાટ કેંદ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં આવેલો છે.

48. તાજા પાણીમાં મળી આવતી કઈ માછલીને વૈજ્ઞાનિકો દ્વારા વિલુપ્ત (Extinct) ઘોષિત કરેલ છે?

(A) ચીની પેડલફિશ (Chinese Paddlefish) (B) કેટ ફિશ (Cat Fish)

(C) ગ્રાસ કાર્પ (Grass Carp) (D) યલ્લો ક્રોકર (Yellow Croaker)

જવાબ:- **(A) ચીની પેડલફિશ (Chinese Paddlefish)**

49. ભારતીય પૂરાવા અધિનિયમની કઈ કલમ અંતર્ગત મરણોત્તર નિવેદન (Dying Declaration) લેવામાં આવે છે?

(A) કલમ 30 (B) કલમ 31

(C) કલમ 32 (1) (D) કલમ 34

જવાબ:- **(C) કલમ 32 (1)**

50. પત્ની, સંતાનો અને માતાપિતાના ભરણ-પોષણ માટેનો હુકમ કરવાની જોગવાઈ કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (CrPC)ની કઈ કલમમાં છે?

(A) કલમ 124 (B) કલમ 125

(C) કલમ 126 (D) કલમ 127

જવાબ:- **(B) કલમ 125**

- કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (CrPC)નું નવું નામ ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા (BNSS) કરવામાં આવ્યું છે.
- ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા (BNSS), 2023 ની કલમ 144 હેઠળ, પત્ની, બાળકો અને માતા-પિતાના ભરણપોષણ માટેનો હુકમ કરી શકાય છે.

# -: All the Best :-

**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે જનરલ નોલેજના વિડીયો જોવા માટે અમારી YouTube ચેનલ GK Gujarat.Comની મુલાકાત લો.**

https://www.youtube.com/@GKGujarat.Com1/featured

GK Gujarat.Com